આજે મતગણતરી થવાની સંભાવના

# BCGની ચૂંટણીમાં 12 વકીલ ઉમેદવાર-બે ટેકેદારને શોકોઝ

**અગાઉ** મતદાનના દિવસે કેટલાક વકીલ ઉમેદવારો દ્વારા ચૂંટણી અધિકારીઓ સાથે ગેરવર્તન કરાતા વિવાદ ઊભો થયો હતો

**બીસીજીના** ચૂંટણી અધિકારીઓએ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામાં ફરિયાદ કરી સોમવારની મતગણતરી અટકાવી હતી

અમદાવાદઃ બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની બહુ પ્રતિષ્ઠિત અને રસાકસીભરી ચૂંટણી બાદ મતગણતરી શરૂ થાય તે પહેલાં જ મોટો વિવાદ ઉભો થયો હતો. મતદાન પૂર્ણ થયા બાદ આજથી ગુજરાત હાઈકોર્ટના ઓડિટોરીયમ ખાતે મતગણતરી શરૂ થવાની હતી, પરંતુ મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર તથા બંને જોઇન્ટ રિટર્નિંગ ઓફિસરોએ સુરક્ષા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં મતગણતરી શરૂ કરવાની ના પાડી દીધી હતી. જોકે, આ મામલે મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર અને બંને જોઇન્ટ રિટર્નિંગ ઓફિસર દ્વારા કરાયેલી રજુઆત બાદ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી ૧૨ વકીલ ઉમેદવારો તથા બે ટેકેદાર વકીલોને શો-કોઝ નોટિસ ફટકારી છે અને સાત દિવસમાં ખુલાસો રજૂ કરવા જણાવતાં હવે આવતીકાલે સવારે આઠ કલાકથી હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે મતગણતરી થાય તેવી સંભાવના જોવાઇ રહી છે.

અ અગાઉ મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર એચ.એમ. પરીખ તથા જોઇન્ટ રિટર્નિંગ ઓફિસર આર.સી. જાની અને મિલન એન. પટેલે જણાવ્યું હતું કે મતદાનના દિવસે ૬ માર્ચે સાંજે કેટલાક વકીલ ઉમેદવારો અને તેમના એજન્ટોએ તેમની સાથે ગેરવર્તન કર્યું હતું અને ધમકી પણ આપી હતી. આ ઘટનાને લઇ તેમણે બાર કાઉન્સીલ ઓફ ઇન્ડિયા તથા સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયાના નિર્દેશ મુજબ રચાયેલી હાઈ પાવર્ડ ઇલેક્શન કમિટી સહિત સત્તાધીશોને પત્ર લખી ફરિયાદ કરી છે. તેઓએ પત્રમાં જણાવ્યું હતું કે, જ્યાં સુધી મતગણતરી સ્થળે પુરતી સુરક્ષા વ્યવસ્થા ઉભી ન થાય અને ઉમેદવારો તરફથી શાંતિપૂર્ણ તથા યોગ્ય વર્તન રાખવાની બાંહેધરી ન આપવામાં આવે, ત્યાં સુધી તેઓ મતગણતરી શરૂ કરી શકશે નહીં. સાથે જ પત્રમાં ગેરવર્તન કરનાર ૧૨ જેટલા વકીલ ઉમેદવારો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની પણ માંગણી કરવામાં આવી હતી.

સાથે સાથે આજે થનારી મતગણતરી પણ અટકાવી દેવામાં આવી હતી. જોકે, મોડી રાત્રે થયેલી કાર્યવાહી મુજબ બીસીઆઇએ આ તમામ વકીલોને કડક ચેતવણી આપી છે કે તેઓ મુખ્ય ચૂંટણી રિટર્નિંગ ઓફિસર અથવા જોઇન્ટ રિટર્નિંગ ઓફિસરોની મતગણતરી પ્રક્રિયામાં કોઇપણ પ્રકારનો અવરોધ કે અડચણ ઉભી નહીં કરે અને વ્યવસાયિક ગેરવર્તનથી દૂર રહેશે. જેને પગલે વિવાદ ઠંડો પડ્યો હતો.

# DGVCL દ્વારા ગ્રામ્યમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ

MVCC ટેક્નોલોજી દ્વારા કંપોઝ, સુરક્ષિત અને અધતન વીજ પુરવઠા સેવાઓ આપવા પ્રયાસ

**તમામ ગ્રામ્ય વિસ્તારોમાં MVCC અપગ્રેડ**

વિશેષ કરીને, આગામી વર્ષોમાં, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ગ્રામ્ય, કાંઠા અને જંગલ વિસ્તારોના તમામ વીજ ફીડરો માટે MVCC ટેક્નોલોજી લાગુ કરવામાં આવશે, જે નિયમિત વીજ પુરવઠા અને સાતત્યથી ભરોસાપાત્ર વીજ સેવાઓની ગેરંટી આપશે.

સુરતઃ DGVCL દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠાની ગુણવત્તા અને સુરક્ષા વધારવા માટે નવી 'મધ્યમ વોલ્ટેજ કવર્ડ કન્ડક્ટર' (MVCC) ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ટેક્નોલોજી અંતર્ગત જૂની, ખુલ્લી એલ્યુમિનિયમ વાયરોને ઈન્સ્યુલેટેડ વાયરોથી બદલીને ગ્રામ્ય, કાંઠા અને જંગલ વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને સુરક્ષિત વીજ પુરવઠો પૂરાં પાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજ્ય સરકારના વાયર ફ્રી સિટી અભિયાન અંતર્ગત શહેરી વિસ્તારોમાં ઓવરહેડ લાઈનો દૂર કરીને અંડરગ્રાઉન્ડ લાઈનો નાખવાનું કાર્ય પ્રગતિમાં છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં અંડરગ્રાઉન્ડ લાઈનો નાખવાની પ્રક્રિયા આર્થિક તથા તાંત્રિક રીતે શહેરી વિસ્તારની સરખામણીએ એટલી સરળ અને વ્યવહારુ ન હોય, ગ્રામ્ય, કાંઠા અને જંગલ વિસ્તારોમાં સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો ઉપલબ્ધ રહે તે હેતુસર GUVNLના GPRD સેલ દ્વારા MVCC (મિડીયમ વોલ્ટેજ કવર્ડ કન્ડક્ટર) ટેક્નોલોજી વિકસાવવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં MVCC વાયરોના પ્રયોગ દ્વારા 5302 કિલોમીટર લાઈનોને અપગ્રેડ કરવામાં આવી છે, જે પરિણામે વીજ વિક્ષેપોમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આ પ્રોજેક્ટને કારણે, વિશેષ કરીને કાંઠા, જંગલ અને અન્ય અઘરા વિસ્તારોમાં વીજ પુરવઠાની સાતત્યતા જાળવવામાં ઘણી સફળતા મળી છે.

## બેંકે સીલ કરેલા મકાનમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર દંપતી સામે ગુનો

સુરતઃ બેંકે મારેલું સીલ તોડી મકાનમાં ઘૂસવાનો પ્રયાસ કરનાર દંપતિ સામે અમરોલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. જહાંગીરપુરા સ્થિત રાજહંસ રેસિડેન્સીમાં રહેતા દિનેશ રમેશભાઈ મહાત્મા (ઉ.વ.૩૭) એલ એન્ડ ટી ફાઈનાન્સ લિમિટેડ કંપનીમાં રીજનલ કલેકશન મેનેજર તરીકે ફરજ બજાવે છે. તેમણે અમરોલી પોલીસ સ્ટેશમાં ગોવિંદ ચંપકભાઈ દાયમા અને તેમની પત્ની સપનાબેન સામે ફરિયાદ નોંધાવી છે. તેમણે કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અમરોલીના સુરેન્દ્રનગરમાં આવેલા મકાન પર રૂ.૪૦,૯૪,૬૪૫ની હોમ લોન લીધી હતી. શરૂઆતમાં હપતા ભર્યા બાદ તેમણે હપતા નહીં ભરતા બેંકે મકાનને સીલ મારી દીધું હતું. તા.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ આ દંપતિએ સોસાયટીના વોચમેન સાથે ગાળાગાળી કરી બેંકનું સીલ તોડી ઘરમાં ઘૂસવાનો પ્રયત્ન કર્યો હતો.

**બોર્ડની પરીક્ષાઓમાં સરળ પેપર છતાં પ્રિન્ટિંગ ભૂલથી ઊભી થઈ ચર્ચા**

# ધોરણ-12 સાયન્સના ગણિતમાં ગ્રેસિંગ માર્ક્સની માંગ કરાઈ

**ધો.10** ગણિત અને ધો.12 કોમર્સના આંકડાશાસ્ત્રે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ વધાર્યો

સુરતઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચાલુ પરીક્ષાઓ દરમિયાન કેટલાક વિષયોના પ્રશ્નપત્રોને લઈને વિદ્યાર્થીઓમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. એક તરફ કેટલાક વિષયોના પેપર અત્યંત સરળ અને પાઠ્યપુસ્તક આધારિત રહ્યા હોવાના કારણે વિદ્યાર્થીઓમાં ખુશી જોવા મળી છે, તો બીજી તરફ એક પ્રશ્નમાં થયેલી પ્રિન્ટિંગ ભૂલને કારણે ચર્ચા અને ગૂંચવણ ઊભી થઈ છે.

ધોરણ-12 સાયન્સ પ્રવાહના ગણિતના પ્રશ્નપત્ર અંગે તજજ્ઞ શિક્ષક હિમાંશુ ઠક્કરના જણાવ્યા મુજબ આ વખતનું પ્રશ્નપત્ર સંપૂર્ણપણે બ્લુપ્રિન્ટ અને એનસીઆરટીના ઉદાહરણો તેમજ સ્વાધ્યાય આધારિત હોવાથી સામાન્ય રીતે સરળ ગણાય એવું રહ્યું હતું.

તૈયારી કરનાર વિદ્યાર્થીઓ માટે પેપર અનુકૂળ રહ્યું હોવાથી હોશિયાર વિદ્યાર્થીઓ 95થી વધુ ગુણ સરળતાથી મેળવી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો કે સેટ-3માં સેક્શન-Bમાં પૂછાયેલા પ્રશ્ન નં.18માં પ્રિન્ટિંગ ભૂલના કારણે ટેકનિકલ ગૂંચવાડો ઊભો થયો છે. પ્રશ્નમાં એકમ સદિશની દિશા સદિશોના સરવાળાની દિશામાં હોય તેવા સદિશનો (i + j + k) સાથે સદિશ ગુણાકાર 1 હોય તો શોધવાનું પૂછવામાં આવ્યું હતું. નિષ્ણાતોના જણાવ્યા મુજબ અહીં સદિશ ગુણાકારના સ્થાને અદિશ ગુણાકાર શબ્દ આવવો જોઈએ હતો. ગયા વર્ષે પણ આજ પ્રશ્નમાં ભુલ થઈ હોવાની પણ વાત છે. આ ભૂલને કારણે ઘણા વિદ્યાર્થીઓમાં ગૂંચવણ સર્જાઈ હતી અને પ્રશ્નના ત્રણ ગુણ જોખમમાં મુકાયા હોવાનું માનવામાં આવી રહ્યું છે. પરિણામે શિક્ષણજગતમાં હવે બોર્ડ દ્વારા ગ્રેસિંગ માર્ક્સ આપવાની માંગ ઉઠવા લાગી છે.

### ધો.10માં બુદ્ધિ કસોટી આધારિત પ્રશ્નોએ પડકાર આપ્યો

ધોરણ-10ના સ્ટાન્ડર્ડ ગણિતનું પેપર મુખ્યત્વે પાઠ્યપુસ્તક આધારિત અને સરળ હતું. જોકે સેક્શન-Aમાં પૂછાયેલા 24 પ્રશ્નોમાંથી ચાર પ્રશ્નો એવા હતા કે જેમાં માત્ર યાદશક્તિ પૂરતી નહોતી પરંતુ કૌશલ્ય અને બુદ્ધિ કસોટી જરૂરી બની હતી. આ પ્રશ્નોએ કેટલાક વિદ્યાર્થીઓને વિચારવા મજબૂર કર્યા હતા. તજજ્ઞ શિક્ષક મનીષકુમાર ગજ્જરના જણાવ્યા મુજબ જેમણે આખું વર્ષ પાઠ્યપુસ્તક પર સારી તૈયારી કરી હશે તે વિદ્યાર્થીઓ 70થી વધુ ગુણ મેળવી શકશે, જ્યારે વધારાની પ્રેક્ટિસ અને સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે 80માંથી 80 ગુણ મેળવવાની શક્યતા પણ નકારી શકાય નહીં. સમય વ્યવસ્થાપન કરનાર વિદ્યાર્થીઓ માટે પેપર પૂર્ણ કરવા પૂરતો સમય મળ્યો હતો.

# T-20 ફાઈનલ માટે દોડેલી સ્પેશિયલ ટ્રેનોની 70 લાખની બમ્પર કમાણી

**મુંબઈ**-પુણેની સ્પેશિયલ ટ્રેનોમાં 5,318 ક્રિકેટપ્રેમીઓએ કરી સવારી, સુરતથી 700 દર્શકો જોડાયા



સુરતઃ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી T20 વર્લ્ડ કપની હાઈવોલ્ટેજ ફાઈનલ મેચનો રોમાંચ માત્ર મેદાન પર જ નહીં, પણ પાટા પર દોડતી ટ્રેનોમાં પણ જોવા મળ્યો હતો.

મુંબઈ અને પુણેથી સ્પેશિયલ ટ્રેનો દોડાવીને ભારતીય રેલવેએ માત્ર બે જ દિવસમાં અંદાજે 70 લાખ જેવી મસમોટી કમાણી કરી લીધી છે. ક્રિકેટના આ મહાકુંભનો હિસ્સો બનવા માટે કુલ 5,318 મુસાફરોએ આ ખાસ ટ્રેનોમાં મુસાફરી કરી હતી, જેમાં સુરતથી પણ 700 જેટલા ક્રિકેટ રસિયાઓ અમદાવાદ પહોંચ્યા હતા.

પશ્ચિમ અને મધ્ય રેલવે દ્વારા સંયુક્ત રીતે 7 અને 8 માર્ચના રોજ કુલ 5 સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી હતી. મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા અને CSMTથી ઉપડેલી તમામ ટ્રેનો 100% ક્ષમતા સાથે દોડી હતી. પશ્ચિમ રેલવેએ ત્રણ ટ્રેનો દ્વારા 52.74 લાખની કમાણી કરી, જ્યારે મધ્ય રેલવેએ બે ટ્રેનો દ્વારા 16.78 લાખની આવક મેળવી હતી.

આમ, રેલવેની કુલ આવક 69,52,259 પર પહોંચી હતી. મેચના દિવસે એટલે કે 8 માર્ચે મુંબઈ સેન્ટ્રલથી ઉપડેલી ટ્રેનમાં સૌથી વધુ 1,454 મુસાફરો નોંધાયા હતા. જ્યારે પુણેથી નીકળેલી સ્પેશિયલ ટ્રેનમાં પણ 846 મુસાફરોએ અમદાવાદ સુધીની સફર માણી હતી. ડાયમંડ સિટી સુરતથી પણ 700 મુસાફરોએ આ ટ્રેનોમાં બુકિંગ કરાવીને ક્રિકેટ ફીવરનો પરચો આપ્યો હતો.

**ઇન્સ્ટાગ્રામનો પ્રેમ ચઢ્યો પાટા પર**

# 21 વર્ષની યુવતી 17 વર્ષના સગીરને ભગાડીને સુરત લાવી

**રાજકોટના** વીરપુરથી ભાગી આવેલા બંનેને સુરત રેલવે સ્ટેશન પરથી ઝડપી લેવાયાં



સુરતઃ કહેવાય છે કે 'પ્રેમ આંધળો હોય છે', પણ જ્યારે આ પ્રેમ કાયદાની મર્યાદા ઓળંગે ત્યારે પોલીસનો ત્રીજો નેત્ર તેને શોધી જ કાઢે છે. રાજકોટના વિરપુરથી અપહરણ થયેલા એક સગીર અને તેની પ્રેમિકાને સુરત રેલવે પોલીસની 'શી-ટીમ' (She-Team) દ્વારા ગણતરીના કલાકોમાં શોધી કાઢી એક મોટી સફળતા મેળવી છે. મળતી માહિતી મુજબ મૂળ મધ્યપ્રદેશની 21 વર્ષીય યુવતી મીના બેન (નામ બદલ્યું છે ) અને રાજકોટના 17 વર્ષીય સગીર રાજુ (નામ બદલ્યું છે) વચ્ચે દોઢ વર્ષ પહેલા ઈન્સ્ટાગ્રામ દ્વારા તેમ છતાં બંને એ સાથે જીવવા-મરવાના કસમ ખાઈ ગત તા. ૦૬/૦૩/૨૦૨૬ના રોજ ઘરેથી સુરત રેલ્વે સ્ટેશન પર આવી પહોંચ્યા હતા.સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાના માર્ગદર્શન હેઠળ વુમન એ.એસ.આઈ. મનિષા મધુકર અને તેમની શી-ટીમ પ્લેટફોર્મ નં-1 પર પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન જનરલ વેઈટિંગ રૂમમાં એક યુવતી અને સગીર ગભરાયેલી હાલતમાં બેઠેલા જણાતા પોલીસને શંકા ગઈ હતી.

તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, સગીર રાજુ ગુમ થતા તેના પરિવારે વિરપુર પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાવ્યો હતો. સુરત રેલ્વે પોલીસે તાત્કાલિક વિરપુર પોલીસનો સંપર્ક કર્યો હતો. ગત મોડી રાત્રે વિરપુર પોલીસના મહિલા એ.એસ.આઈ. નેહાબેન અને પોલીસ કોન્સ્ટેબલ રાકેશભાઈ સુરત આવી પહોંચ્યા હતા, જ્યાં જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી બાળક અને મહિલાનો કબજો તેમને સોંપવામાં આવ્યો હતો.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### ગરમીને વલસાડ...

નવસારી શહેરમાં માર્ચ મહિનાની શરૂઆતમાં જ સૂર્યનો તાપ તો વધી રહ્યો છે, પરંતુ ટાવર મોટાબજાર વિસ્તારમાં બનેલી ઘટના તડકાથી વધુ તંત્રની કામગીરી પર સવાલ ઊભા કરી રહી છે. આજે નવસારીમાં 39 ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું હતું. કાળઝાળ ગરમી વચ્ચે રોડ પરનું ડામર નરમ પડી જતાં કેટલાક રાહદારીઓના ચપ્પલ ડામર સાથે ચોંટી જવાના દ્રશ્યો સામે આવ્યા હતા. થોડા સમય માટે ત્યાં ઊભેલા લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા પરંતુ પછી આ આશ્ચર્ય કટાક્ષમાં ફેરવાઈ ગયું. ઘટનાએ શહેરમાં એક સવાલ ઊભો કર્યો છે, શું ખરેખર ગરમી એટલી જવાબદાર છે કે પછી કામમાં થયેલી બેદરકારી હવે તડકાની ગરમીમાં બહાર આવી રહી છે? હવે લોકોની નજર એના પર છે કે તંત્ર આ ઘટનાને ગંભીરતાથી લઈ કોઈ પગલા ભરે છે કે પછી આ પણ ગરમી સાથે પીગળી જતી એક વાત બની રહેશે.

### બારડોલીમાં કાળઝાળ...

ગરમીથી બચવા માટે ઘરોમાં કે ઓફિસોમાં કેદ થવા મજબૂર બન્યા છે. ત્યારે શહેરની મધ્યમાં આવેલી સર્વોદયનગર સોસાયટીમાંથી પસાર થતો મુખ્ય માર્ગ ગરમીને કારણે પીગળવા લાગ્યો છે. ડામર પીગળવાની આ ઘટનાને લઈને સ્થાનિકોમાં ભારે કુતૂહલ અને આક્રોશ જોવા મળી રહ્યો છે. નિષ્ણાતોના મતે માર્ગ નિર્માણ સમયે એજન્સી દ્વારા યોગ્ય રીતે 'ડસ્ટિંગ' એટલે કે રેતી કે પાઉડરનું મિશ્રણ કરવામાં ન આવ્યું હોવાથી, સામાન્ય ગરમીમાં પણ ડામર પ્રવાહી બનીને સપાટી પર આવી રહ્યો છે. આને કારણે વાહનચાલકો અને રાહદારીઓને અવરજવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

### સ્મીમેરમાં લોકલ...

તે મુદ્દે હકારાત્મકતા બતાવવામાં આવી નથી. હજુ સુધી શાસકો દ્વારા કોઈ જ નિર્ણય આ મામલે લેવામાં આવ્યો નથી. હવે આવતીકાલે છેલ્લી સામાન્ય સભામાં શાસકોને છેલ્લી તક છે કે તેઓ આ મુદ્દે ઠરાવ કરીને શહેરના વિદ્યાર્થીઓને ન્યાય અપાવે. અત્યાર સુધી નહીં કરાયેલા નિર્ણયને પગલે એવી સ્થિતિ ઊભી થઈ છે કે પોતાના જ ઠરાવો અને કાનૂની સ્પષ્ટતા હોવા છતાં નિર્ણય લેવામાં અસમર્થ રહેવું એ શાસકોની નિષ્ફળતા છે.

### ધો.12નું...

પડકારરૂપ બનતો હતો. અગાઉ પરીક્ષા વચ્ચે રજા ન મળતી હોવાને કારણે પણ તૈયારી માટે પૂરતો સમય મળતો ન હતો. પરંતુ આ વર્ષે શિક્ષક સંઘ દ્વારા શિક્ષણ સચિવ સમક્ષ રજૂઆત કરાતા આ વિષયની પરીક્ષા પહેલા રજા આપવામાં આવી હતી. પ્રવૃત્તિ વિદ્યાલય જીવન ભારતી સ્કૂલના ડૉ. કમલેશ કે. સોલંકીના જણાવ્યા મુજબ રજા મળતા વિદ્યાર્થીઓએ આત્મવિશ્વાસ સાથે સારી તૈયારી કરી હતી. તેથી તેઓ આ વિષયમાં વધુ ગુણ મેળવી સારી ટકાવારી હાંસલ કરશે તેમજ ગુજરાત બોર્ડના સામાન્ય પ્રવાહનું પરિણામ પણ રેકોર્ડ બ્રેક અને ઐતિહાસિક રહેવાની શક્યતા હોવાનું જણાઈ રહ્યું છે.

### બોર્ડમાં વિદ્યાર્થીઓની...

હતી. તેમાં 41120 વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા, અને 348 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ધોરણ 12ના વિજ્ઞાન પ્રવાહમાં કુલ 8129 વિદ્યાર્થીઓએ નોંધણી કરાવવી હતી. તેમાં 8094 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા, જ્યારે 35 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા.

### પોલીસ કમિશનરનું...

પોલીસ દ્વારા આ ફૂટેજનું સમયાંતરે ચકાસણું પણ કરવામાં આવશે. પોલીસે જણાવ્યું હતું કે કેટલાક બનાવોમાં ટ્રેનરો જીમમાં આવતી મહિલાઓ અથવા યુવતીઓના મોબાઈલ નંબર મેળવી તેમને વ્યક્તિગત મેસેજ કરતા હોવાના ઈનપુટ મળ્યા છે. આવા બનાવોને રોકવા માટે ટ્રેનરોને કોઈપણ સભ્ય સાથે પર્સનલ મેસેજ અથવા સોશિયલ મીડિયાથી સંપર્ક ન રાખવાની કડક સૂચના આપવામાં આવી છે. પોલીસના આ પગલાંને કારણે શહેરના લંપટ જીમ ટ્રેનરોમાં ચિંતા જોવા મલી રહી છે.

### ગેસની લાઇન...

લેશે ત્યારે પાઈપ લાઈનથી રાંધણ ગેસ મેળવનારને ત્યાં જો રાંધણ ગેસના સિલિન્ડર મળી આવશે તો બોર્ડ,કંપનીઓ અને પુરવઠા વિભાગ બ્લેક માર્કેટિંગનો મામલો નોંધાવશે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયમનકારી બોર્ડ (PNGRB) અને GSPC,GGL એ સુરક્ષિત, સ્માર્ટ અને વધુ કાર્યક્ષમ ઉર્જા ઈકોસિસ્ટમ માટે રાષ્ટ્રીય પહેલમાં જોડાવા ગ્રાહકોને LPG કનેક્શન સરેન્ડર કરવા અપીલ કરી છે. તમારા LPG કનેક્શન સરેન્ડર કરવાના ફાયદા પણ ગણાવવામાં આવ્યા છે.જેમાં નાણાકીય લાભો,સુરક્ષા લાભો,રાષ્ટ્રીય લાભો,સુરક્ષા ડિપોઝિટ પરત,આગના જોખમો દૂર કરો,કામા ખર્ચમાં ઘટાડો,જગ્યાની બચત કરો,ગેસ લિકેજનું જોખમ ઘટાડવું,વધુ સારા સંસાધન ઉપયોગને સક્ષમ કરો,ઘટતા ચાર્જનું જોખમ નહીં,સુરક્ષિત જીવન પર્યાવરણ સુનિશ્ચિત કરવાના લાભો ગણાવવામાં આવ્યા છે.,ભારતના શહેરી ઉર્જા સંક્રમણને ટેકો આપો,રાષ્ટ્રીય બચતમાં યોગદાન આપો,દુરુપયોગ અટકાવો,રાષ્ટ્રીય ઉર્જા કાર્યક્ષમતામાં યોગદાન આપો,ભારતની ઉર્જાને વધુ સુરક્ષિત અને સ્માર્ટ બનાવવા અપીલ કરવામાં આવી છે.

### લવમાં બ્રેકઅપ...

છે.આ બ્રેકઅપથી બંને નાસીપાસ થઇ ગઇ હતી. અને આપઘાત કરી લીધો હતો.પોલીસે વધુમાં જણાવ્યું હતુંકે, મરનારના પરિવારજનો અને મિત્રોના નિવેદન લીધા હતા. જેમાં બંનેના અફેર હોવાનું બહાર આવ્યું હતું. તેમજ મોબાઇલ ફોનમાં કેટલીક ચેટ પણ મળી આવી હતી. પોલીસે જેના આધારે બંને યુવકને બોલાવ્યા હતા. જેમાં પ્રેમ પ્રકરણ બહાર આવ્યું હતું. જોકે, વધુ માહિતી અને પુરાવા માટે મરનારના મોબાઇલ ફોનને એફએસએલમાં મોકલી આપવામાં આવ્યા છે.

### ઇલોન મસ્કે...

પ્લેટફોર્મ 'X' પર આ ઘટના અંગેની પોસ્ટ શેર કરી હતી. તેમણે લખ્યું હતું કે, 'ભારતમાં બે મહિલાઓએ ChatGPT સાથે સંવાદ કર્યા બાદ આત્મહત્યા કરી લીધી. તેમણે આ પ્લેટફોર્મ પર 'આત્મહત્યા કેવી રીતે કરવી' અને 'કયા ડ્રગ્સનો ઉપયોગ કરવો' તે અંગે સર્ચ કર્યું હોવાનું સામે આવ્યું છે. હેરબાની કરીને તમારા સ્વજનોને ChatGPT વાપરતા અટકાવો.આ ગંભીર પોસ્ટ પર પ્રતિક્રિયા આપતા ટેસ્લા અને 'X' ના માલિક ઇલોન મસ્કે માત્ર 'Yikes' (એક પ્રકારનો આઘાતજનક ઉદ્દગાર) લખીને પોતાની ચિંતા અને આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું.

### વરાછામાંથી બોર્ડનો...

મૂળ ગીર-સોમનાથ જિલ્લાના વતની અને હાલ વરાછા રણજીતનગર સોસાયટીમાં રહેતા બળવંતભાઈ નરસિંહભાઈ વાઢેર (ઉં.વ.૪૨) ટ્રાવેલ્સ સાથે જોડાયેલા વ્યવસાયમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત ૬ માર્ચની સાંજે બળવંતભાઈએ તેમના પુત્ર માનવને ફોન કરીને ઓફિસ પરથી ગાડી લેવા આવવા તથા બહેનોને ઘરે લઈ આવવા જણાવ્યું હતું. જોકે માનવે ચાલીને આવવાની ના પાડી હતી.

તે સમયે પિતાએ બોર્ડ પરીક્ષા ચાલુ હોવાથી ભણવા બેસવા માટે તેને ઠપકો આપ્યો હતો. આ વાતનું માઠું લાગતાં માનવ પોતાનો મોબાઈલ ફોન ઘરે ચાર્જિંગમાં મૂકી કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયો હતો.

# હાડકા-સાંધા-સ્નાયુના ઘસારા કે દુખાવાને દૂર કરતું ટેબ ક્લિનિક

સુરતઃ સુરતમાં નાનપુરા ખાતે ૨૫ વર્ષથી, પૂનામાં ૩૬ વર્ષથી, નાગપૂરમાં ૨૬ વર્ષથી હાડકા-સાંધા-મણકા-સ્નાયુઓના ઘસારાને કારણે દુઃખાવા, સોજા તથા જકડાહટથી થતી અનેકવિધ તકલીફોની સફળતાપૂર્વક સંપૂર્ણ સારવાર ડૉ.રૂસ્તમજી જીનવાલા દ્વારા સ્થાપિત પારસી કંપની ટેબ ટ્રીટમેન્ટ ક્લિનિક્સ કરી રહ્યું છે. ટેબમાં સતત નવા પરિક્ષણો કરતાં રહીને, લાંબા ગાળાના સંશોધન પછી વિકસાવેલી સારવાર પધ્ધતિ દ્વારા દર્દીના સાંધા-સ્નાયુઓ-મણકાઓની સ્થિતિનું ગહન પરીક્ષણ કરીને, દર્દીની પાચનશકિત, રોગ પ્રતિકારક વ.નું નિરીક્ષણ કરીને, દરેક દર્દીની પ્રકૃતિ પ્રમાણે દવાઓ તૈયાર કરવામાં આવે છે, જે FDA (મહારાષ્ટ્ર) દ્વારા પ્રમાણિત છે. પ્રમાણિત ડોકટર્સ તથા સ્ટાફ દ્વારા દર્દીને આ સારવાર આપવામાં આવે છે.

ટેબની દવાઓમાં કોઈપણ પ્રકારના ધાત્વિક સંયોજનો કે પ્રાણીજન્ય ઉત્પાદનો વાપરવામાં આવતાં નથી. આથી શુધ્ધ શાકાહારી દર્દીઓ પણ તે વાપરી શકે છે. વળી થાઈરોઈડ, બ્લડ પ્રેશર કે ડાયાબિટીસ, હૃદય કે કિડનીને લગતી તકલીફો વિગેરેની સારવાર ચાલુ રાખીને તેની સાથે ટેબની સારવાર કરી શકાય છે. સાંધા-સ્નાયુમાં જ્યાં નુકસાન થયું હોય તેને રિપેર અને રિજનરેટ કરવામાં આવે છે.

દર્દી બાદમાં એક્સ-રે કે એમઆરઆઈ કરાવીને તેની ખાતરી પણ કરી શકે છે. ટેબની સારવારથી આપવાત, CRP, ઉષ્મવાત, સ્નાયુઓની નબળાઈ, ગઠીયો વા તેમજ લોહીના કણો તથા કેલશિયમ અને વિટામિનની કમી પણ પુરી કરી શકાય છે. હીપ જોઈન્ટમાં સાંધો ફરીથી પૂર્ણરૂપથી હેલ્ધી બની જાય છે. ટેબ ક્લિનિક્સ સપ્તાહના સાતેય દિવસ-રવિવારે પણ રાબેતા મુજબ સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજે ૭.૦૦ વાગ્યા સુધી કાર્યરત રહે છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ઈંધણ કટોકટી...

લપેટમાં આવતા તેલના ભાવ સતત વધી રહ્યા છે. સ્વતંત્ર રિસર્ચ ફર્મ રાયસ્ટાડ એનર્જીના જણાવ્યા અનુસાર, વિશ્વના તેલનો લગભગ 20 ટકા હિસ્સો - એટલે કે અંદાજે 1.5 કરોડ બેરલ ક્રૂડ ઓઈલ - દરરોજ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થાય છે. ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાના જોખમને કારણે સાઉદી અરેબિયા, કુવૈત, ઈરાક, કતાર, બહેરીન, યુએઈ અને ઈરાનથી તેલ અને ગેસ લઈ જતા ટેન્કરોની અવરજવર લગભગ થંભી ગઈ છે. નિકાસ કરવાની ક્ષમતા ઘટવાને કારણે અને સ્ટોરેજ ટેન્કો ભરાઈ જવાથી ઈરાક, કુવૈત અને યુએઈએ તેલના ઉત્પાદનમાં કાપ મૂક્યો છે.

### દુનિયાના સૌથી...

**ગેસ ટર્મિનલ્સ પર ડ્રોન હુમલા થઈ રહ્યા છે, તેનાથી વૈશ્વિક સપ્લાય ચેઈન સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. ખાસ કરીને વિશ્વના ૨૦ ટકા તેલ અને ગેસના પરિવહન માટે અત્યંત મહત્વની ગણાતી હોર્મુઝની સામુદ્રધુની હુમલાના જોખમે બંધ જેવી સ્થિતિમાં હોવાથી ક્રૂડ ઓઈલના ભાવ આંતરરાષ્ટ્રીય બજારમાં પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને વટાવી ગયા છે. કતાર જેવા મોટા ગેસ નિકાસકાર દેશોએ પોતાનું ઉત્પાદન અટકાવી દીધું છે, તો બીજી તરફ ઈરાક જેવા દેશોમાં તેલ સંગ્રહવાની ક્ષમતા ખૂટી પડતા ઉત્પાદનમાં તોતિંગ કાપ મૂકવો પડ્યો છે.**

### ઇરાને અખાતી દેશો...

પર લખ્યું છે કે, તે અત્યંત મહત્વનું છે કે આ ક્ષેત્રમાં તણાવ વધુ ન વધે અને સંઘર્ષ વ્યાપક વિસ્તારમાં ન ફેલાય. અમે ફરી એકવાર તમામ પક્ષોને, ખાસ કરીને ઈરાનને, પ્રાદેશિક સુરક્ષાને જોખમમાં મૂકે અને નાગરિકોને જોખમમાં નાખે તેવા કૃત્યોથી દૂર રહેવા માટે અમારી ચેતવણી દોહરાવીએ છીએ. આ ઘટના એવા સમયે બની છે જ્યારે ઈરાને રાત્રિ દરમિયાન ખાડી દેશો પર મોટો હુમલો કર્યો છે, જેમાં યુદ્ધની શરૂઆત પછી બહેરીનમાં સૌથી વધુ સંખ્યામાં લોકો જાનહાનિનો ભોગ બન્યા છે. બહેરીનના આંતરિક મંત્રાલયે જણાવ્યું હતું કે બહેરીનની બાપ્કો રિફાઈનરી પર રાત્રિ દરમિયાન ડ્રોન હુમલો થયા બાદ સિત્રા ટાપુ પર થયેલા ઈરાની હુમલામાં ૩૨ લોકો ઘાયલ થયા છે.

સરકારી સમાચાર એજન્સી દ્વારા જારી કરાયેલા આરોગ્ય મંત્રાલયના નિવેદન અનુસાર, તમામ ઘાયલો બહેરીની નાગરિકો હતા અને તેમાં બાળકો સહિત ચાર 'ગંભીર કેસ' છે. ઘાયલોમાં ૧૭ વર્ષની એક છોકરી જેને માથા અને આંખમાં ગંભીર ઈજાઓ થઈ છે અને બે મહિનાના બાળકનો સમાવેશ થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈરાનના ખુલ્લેઆમ આક્રમણના પરિણામે નાગરિકોમાં ઈજાઓ નોંધાઈ છે, જેમાંથી એક ગંભીર છે અને ડ્રોન દ્વારા કરવામાં આવેલા હુમલાના પરિણામે સિત્રામાં અનેક મકાનોને નુકસાન થયું છે.

### રોકાણકારો...

ડોલર સામે રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો છે, જે રોકાણકારોના સેન્ટિમેન્ટને નબળું પાડી રહ્યો છે. સોમવારે સેન્સેક્સ 1,352.74 પોઈન્ટ અથવા 1.71 ટકા ઘટીને 77,566.16 પર બંધ રહ્યો હતો. ટ્રેડિંગ દરમિયાન એક સમયે આ આંકડો 2,494.35 પોઈન્ટ સુધી ગબડ્યો હતો. અલ્ટ્રાટેક સિમેન્ટ સૌથી વધુ 5.09 ટકા તૂટ્યો હતો, જ્યારે મારુતિ, એસબીઆઈ અને અદાણી પોર્ટ્સ જેવા શેરોમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો. બજારમાં કુલ 3,379 શેરો લાલ નિશાનમાં બંધ થયા હતા, જે દર્શાવે છે કે વેચાણનું દબાણ કેટલું વ્યાપક હતું.

### અછતની બીકે કાળાબજાર...

ગેસ અનિવાર્ય છે, જેના કારણે તેણે કાળાબજારમાં રૂ. 1500 ખર્ચીને સિલિન્ડર ખરીદવો પડ્યો હતો. દિલ્હીના ડિલિવરી પાર્ટનર્સે પણ પુષ્ટિ કરી છે કે છેલ્લા 4-5 દિવસથી બુકિંગમાં અચાનક ઉછાળો આવ્યો છે. ભારત તેની એલપીજી જરૂરિયાતનો બે-તૃતીયાંશ હિસ્સો આયાત કરે છે, જે મુખ્યત્વે યુએઈ, કતાર અને સાઉદી અરેબિયા જેવા દેશોમાંથી 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' દ્વારા આવે છે. આ રસ્તો યુદ્ધના કારણે પ્રભાવિત થવાની બીકે લોકો વધુ બુકિંગ કરી રહ્યા છે.

**દેશમાં એલપીજીની અછત નથીઃ સરકાર**

સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર ભારત પાસે પૂરતો સ્ટોક અને વ્યૂહાત્મક અનામત જથ્થો છે, તેથી ગભરાવાની જરૂર નથી. આંતર-મંત્રાલય જૂથ સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે જેથી ઘરેલુ પુરવઠો ખોરવાય નહીં.

### ગેસ રિફિલ હવે...

કાચો માલ (ક્રૂડ ઓઈલ) અને તૈયાર ઉત્પાદનો (ઈંધણ) બંનેનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે, તેમ છતાં સરકારે રાંધણ ગેસ (LPG) રિફિલ ઓર્ડર કરવાની નીતિમાં ફેરફાર કર્યો છે. ઘરેલું LPG રિફિલ બુકિંગ માટેના લઘુત્તમ સમયગાળાને હાલના 21 દિવસથી વધારીને 25 દિવસ કરવામાં આવ્યો છે. આ પગલાનો હેતુ સંગ્રહખોરી અટકાવવાનો અને સિલિન્ડરોનું સમાન વિતરણ સુનિશ્ચિત કરવાનો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે સંગ્રહખોરી રોકવા માટે ઘરેલું LPG સિલિન્ડર રિફિલ બુક કરવા માટેનો લઘુત્તમ પ્રતીક્ષા સમય 21 દિવસથી વધારીને 25 દિવસ કરવામાં આવ્યો છે. સરેરાશ પરિવારો વર્ષમાં 14.2 કિલોના 7-8 LPG સિલિન્ડર વાપરે છે અને સામાન્ય રીતે તેમને 6 અઠવાડિયાથી ઓછા સમયમાં રિફિલની જરૂર પડતી નથી. બજારમાં સંગ્રહખોરી અને કૃત્રિમ અછત ઉભી થતી રોકવા માટે આ બુકિંગ ગાળો વધારવામાં આવ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું. તેલ કંપનીઓ પાસે LPGનો પૂરતો સ્ટોક છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

### પૂણેમાં ગેસ...

ઘરેલું ગેસ પુરવઠા માટે કરવા સૂચના આપવામાં આવી છે. ગેસની આ અછતને ધ્યાનમાં રાખીને, પુણેના વૈકુંઠ સ્મશાનગૃહ સહિત અન્ય સ્થળોએ ગેસથી ચાલતી ભઠ્ઠીઓ 5 માર્ચથી આગામી આદેશ સુધી બંધ રહેશે.

નાગરિકોને હાલાકી ન પડે તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીએ સ્પષ્ટતા કરી છે કે શહેરમાં ઈલેક્ટ્રિક સ્મશાનગૃહો અને વાયુ પ્રદૂષણ નિયંત્રણ સિસ્ટમથી સજ્જ લાકડા આધારિત સ્મશાન સુવિધાઓ કાર્યરત રહેશે. વૈકુંઠ સ્મશાનગૃહમાં ત્રણ ગેસ ભઠ્ઠીઓ બંધ રહેશે, પરંતુ પાંચ ઈલેક્ટ્રિક ભઠ્ઠીઓ જાહેર ઉપયોગ માટે ચાલુ રાખવામાં આવી છે.

વૈશ્વિક યુદ્ધની અસર સ્થાનિક નાગરિક સેવાઓ પર કેવી રીતે પડી રહી છે, તેનું આ એક જીવંત ઉદાહરણ છે.

### બેંગલુરુમાં 'ચૂલા' ઠંડાઃ...

એસોસિએશને એક યાદીમાં જણાવ્યું હતું કે, ''ગેસનો પુરવઠો બંધ થઈ ગયો હોવાથી આવતી કાલથી હોટલો બંધ રહેશે.''

કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો પુરવઠો સોમવારથી જ અટકી ગયો હોવાનું જણાવતાં એસોસિએશને ઉમેર્યું હતું કે, હોટલ ઉદ્યોગ એક આવશ્યક સેવા હોવાથી સામાન્ય લોકો, વિદ્યાર્થીઓ અને તબીબી વ્યાવસાયિકો, જેઓ દૈનિક ભોજન માટે હોટલ પર નિર્ભર છે, તેમના પર આની અસર થશે.

એસોસિએશને વધુમાં કહ્યું હતું કે, ''આ ઉપરાંત, જ્યાં સુધી ગેસનો પુરવઠો સામાન્ય ન થાય ત્યાં સુધી અમારા હોટલ ઉદ્યોગને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.''

એસોસિએશને કહ્યું હતું કે, ઓઈલ કંપનીઓએ ૭૦ દિવસ સુધી અવિરત ગેસ સપ્લાયની ખાતરી આપી હતી, તેથી આ અચાનક બંધ થયેલો પુરવઠો હોટલ ઉદ્યોગ માટે મોટો ફટકો છે. તેથી, અમે અપેક્ષા રાખીએ છીએ કે સંબંધિત કેન્દ્રીય મંત્રીઓ આ બાબતે તાત્કાલિક યોગ્ય પગલાં લે અને કોમર્શિયલ ગેસ પુરવઠો ફરી શરૂ કરીને હોટલ ઉદ્યોગને સહકાર આપે.''

પત્રકારો સાથે વાત કરતા બેંગલુરુ હોટલ્સ એસોસિએશનના માનદ પ્રમુખ પી. સી. રાવે જણાવ્યું હતું કે, હોટલમાલિકો કોઈપણ કારણસર કામગીરી સ્થગિત કરવા માંગતા નથી, પરંતુ સરકારના આ પગલાને કારણે મોટા ભાગની હોટલો બંધ કરવી અનિવાર્ય બની ગઈ છે.

### દિલ્હી ડાયરી...

સાંભાર, રસમ, મિક્સ થોરન, એરીસેરી, પાપડમ, દહીં અને ત્રણ પ્રકારના અથાણાં પીરસવામાં આવ્યા હતા. આ શાનદાર ભોજન સમારંભ મુખ્યત્વે કેરળનું નામ બદલીને 'કેરલમ' કરવાના કેબિનેટના નિર્ણયની ઉજવણી માટે હતો. રાજ્ય સરકાર દ્વારા પણ આ અંગે લાંબા સમયથી માંગ કરવામાં આવી હતી, જે ઘણા સમયથી પેન્ડિંગ હતી. પ્રતીકવાદ અને નામ બદલવાની કળામાં નિપુણ ભાજપ માટે 'કેરલમ' સાથે જોડાયેલી આ ગતિવિધિઓ તેમના ચૂંટણી પ્રચારનું મુખ્ય બિંદુ જણાય છે. જોકે, પ્રશ્ન એ છે કે શું આનાથી ચૂંટણીમાં મતોનો ફાયદો થશે કે નહીં.

**વસાહતી માનસિકતામાંથી મુક્તિ**

વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા થોમસ મેકોલેની ૧૮૩૫ની 'મિનિટ'ના ૨૦૦ વર્ષ પૂર્ણ થવા પર 'ડીકોલોનાઇઝેશન' (વસાહતી માનસિકતામાંથી મુક્તિ) માટે ૧૦ વર્ષની જે સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, તેના ભાગરૂપે તાજેતરમાં રાષ્ટ્રીય રાજધાનીમાં 'ડીકોલોનાઇઝેશન લિટરસી' પર વ્યાખ્યાન શ્રેણી શરૂ કરવામાં આવી છે. પૂર્વ રાજ્યસભા સાંસદ અને આરએસએસના વિચારધારક રાકેશ સિન્હાએ આ શ્રેણીનું પ્રથમ વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી દિનેશ ત્રિવેદી પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે, દિનેશ ત્રિવેદી તૃણમૂલ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા છે. આ લેક્ચર સિરીઝનું આયોજન 'સેન્ટર ફોર સ્ટડી ઓફ ડેમોક્રેસી એન્ડ કલ્ચર' દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# 17 મેના રોજ JEE એડવાન્સની પરીક્ષા, 23 એપ્રિલથી રજિસ્ટ્રેશન

**આઈઆઈટી** પ્રવેશ માટે મહત્ત્વની પરીક્ષા, 2.5 લાખ વિદ્યાર્થીઓને મળશે તક, 1 જૂને પરિણામ

**પરિણામ** બાદ JoSAA 2026 કાઉન્સેલિંગ પ્રક્રિયા શરૂ થશે

સુરતઃ દેશની પ્રતિષ્ઠિત આઈઆઈટી સંસ્થાઓમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે લેવાતી જેઈઈ એડવાન્સ 2026 પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જાહેર થયેલા સમયપત્રક મુજબ આ પરીક્ષા 17 મે 2026ના રોજ યોજાશે. જેઈઈ મેઈનમાં સફળ થયેલા આશરે 2.5 લાખ વિદ્યાર્થીઓને જેઈઈ એડવાન્સ પરીક્ષા આપવા તક મળશે. પરીક્ષા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા 23 એપ્રિલથી શરૂ થશે અને 2 મે 2026 સુધી ચાલુ રહેશે. જ્યારે વિદેશી વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન 6 એપ્રિલથી શરૂ થઈ 2 મે સુધી રહેશે. ઉમેદવારો 4 મે સુધી ઓનલાઈન ફી ભરાવી શકશે. ફી અંગે વાત કરીએ તો સામાન્ય વર્ગના ઉમેદવારો માટે 3200 રૂપિયા જ્યારે મહિલા, એસસી, એસટી અને દિવ્યાંગ ઉમેદવારો માટે 1600 રૂપિયા ફી નક્કી કરવામાં આવી છે. પરીક્ષા માટેના એડમિટ કાર્ડ 11 મે થી 17 મે દરમિયાન ડાઉનલોડ કરી શકાશે.

દિવ્યાંગ ઉમેદવારો રાઈટર માટે 16 મે સુધી અરજી કરી શકશે. 17 મેના રોજ યોજાનારી પરીક્ષામાં પેપર-1 સવારે 9 થી 12 અને પેપર-2 બપોરે 2.30 થી 5.30 વાગ્યા દરમિયાન લેવાશે. પરીક્ષા બાદ 25 મેના રોજ પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરવામાં આવશે. જ્યારે અંતિમ પરિણામ 1 જૂન 2026ના રોજ જાહેર થવાનું છે. પરિણામ બાદ JoSAA 2026 કાઉન્સેલિંગ પ્રક્રિયા શરૂ થશે, જેના માધ્યમથી દેશની આઈઆઈટી, એનઆઈટી, આઈઆઈઆઈટી તેમજ અન્ય સરકારી એન્જિનિયરિંગ સંસ્થાઓમાં પ્રવેશ આપવામાં આવશે.